કેસ દાખલ કર્યા તારીખ : ૨૩–૧૧–૨૦૦૫.

કેસ રજીસ્ટરે લીધા તારીખ : ૨૩–૧૧–૨૦૦૫.

કેસ ફેસલ કર્યા તારીખ : ૨૦–૧–૨૦૧૮.

સમય : વર્ષ–૧૨, માસ –૧, દિવસ–૨૮

અમદાવાદ શહેરના એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટ નં.૬,અમદાવાદમાં.

ક્રિ.કેસ નં.૬૦૦૦૪૩/૨૦૦૫.

આંક :–

ફરીયાદી.....શ્રી સુભાષચંદ્ર રમણલાલ રાવલ.

ફુડ ઈન્સ્પેકટર,અ.મ્યુ.કો.,

અમદાવાદ.

વિરુઘ્ધ

આરોપી.......પ્રદીપકુમાર રામભવાન માલી.

રહેવાસી : પૂજાલાલની લારી,

બહેરામપૂરા,અમદાવાદ.

ગુનો : ધી પ્રીવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન એકટ–૧૯૫૪ ની કલમ–૭(ı) નો ભંગ કરી સદરહું એકટની કલમ–૧૬(૧)(એ)(ı) મુજબ.

ફરીયાદપક્ષ તરફે વિ.વ.કુ.એન.વી.કપાસી.

આરોપી તરફે કોઈ નહિ.

## જ જ મે ન્ટ

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી પોતે ફુડ ઈન્સ્પેકટર છે અને તેઓએ હાલના આરોપી સામે ધી પી.એફ.એ. એકટ–૧૯૫૪ ની કલમ–૭ નો ભંગ કરવા બદલ કલમ–૧૬ હેઠળ હાલની ફરીયાદ આપેલી છે. ફરીયાદમાં ફરીયાદીએ એવી હકીકત જણાવેલી છે કે, આ કામના આરોપી ગાયનું દુધ વેચવાનો ધંધો કરે છે અને ફરીયાદમાં જણાવેલ તારીખે આકામના ફરીયાદીએ આરોપી પાસે થી પૃથ્થકરણના હેતુથી ગાયનું દુધ ખરીદેલ અને તે ગાયના દુધનું પૃથ્થકરણ કરાવતાં તે ગાયના દુધમાં મિલ્ક ફેટ ઓછામાં ઓછી ૩.૫ ટકા હોવી જોઈએ જયારે આરોપીના ત્યાંથી ખરીદેલ દુધમાં મિલ્ક ફેટ ૩.૦ ટકા ટકા હતા તેમજ મિલ્ક સોલીડ નોટ ફેટ ઓછામાં ઓછા ૮.૫ ટકા બાયવેટ હોવા જોઈએ તેના બદલે ૭.૫૧ ટકા બાયવેટ હતા અને તે રીતે આરોપીએ પી.એફ.એ.એકટ હેઠળ ગાયના દુધમાં જેટલા પ્રમાણમાં ફેટ હોવા જોઈએ તે કરતા ઓછા પ્રમાણમાં મીલ્ક ફેટવાળું ગાયનું દુધ વેચાણ કરી ધી પી.એફ.એ.એકટની કલમ–૭ સાથે કલમ–૧૬ મુજબનો ગુનો આચરેલ છે તેવી હકીકત ફરીયાદીએ આરોપી સામે પોતાની ફરીયાદમાં જણાવેલી છે.

૨) આ કામના ફરીયાદીએ ફરીયાદ દાખલ કરતા, ફરીયાદ નોંધવાનો હુકમ થયેલો છે અને આરોપી સામે પ્રોસેસ કાઢવાનો હુકમ થયેલ છે. આરોપી સામે વારંવાર પ્રોસેસ કાઢવામાં આવેલા છે પરંતુ આરોપી ઉપર પ્રોસેસની બજવણી થયેલી નથી અને આ કેસ ઘણો જુનો હોઈ અને ફરીયાદી હાજર રહેતા ન હોઈ જેથી ફરીયાદીને હાજર રહેવા માટે અત્રેની કોર્ટથી નોટીસ કાઢવામાં આવેલી છે જે નોટીસ બજી જતાં ફરીયાદીએ હાજર થઈ આંક–૩ થી અરજી આપેલી છે જેમાં ફરીયાદીએ કેસ ઘણો જુનો હોઈ અને આરોપીના નામ સરનામાં મળી આવતા ન હોઈ અને નજીકના ભવિષ્યમાં આરોપી ઉપર પ્રોસેસ બજે તેવી કોઈ શકયતાઓ ન હોઈ આરોપીના

કોઈ સરનામા ન હોઈ જેથી આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષના પુરાવા નોંધવા અરજી આપેલ છે.

૩) આ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં ખુબ જુનો કેસ હોઈ અને વારંવાર પ્રોસેસ કાઢવા છતાં આરોપી મળી આવતા ન હોવાના કારણે આરોપી ઉપર પ્રોસેસ બજવણી થઈ શકેલ નથી તેવું જણાઈ આવતા ફરીયાદપક્ષની આંક–૩ ની અરજી મંજુર કરવામાં આવેલ છે અને તેથી આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવાનો હુકમ સી.આર.પી.સી. કલમ–૨૯૯ હેઠળ તથા ના.ગુજરાત વડી અદાલતના સરકયુલર નં.સી.૨૬૧૮/ ૨૦૧૬, તા.૫–૭–૨૦૧૬ ને ધ્યાને લઈ આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી.સી. કલમ–૨૯૯ હેઠળ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

૪) ફરીયાદપક્ષે આ કામે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

<u>મૌખિક પુરાવા</u> :–

૧... ફરીયાદીશ્રી સુભાષચંદ્ર રમણલાલ રાવલની જુબાની આંક–૪.

<u>દસ્તાવેજી પુરાવા</u> :–

૧..અસલ ફરીયાદ,આંક–૧.

૨...પી.એ.નો રીપોર્ટ, આંક–૨.

૩...ફરીયાદી ફુડ ઈન્સ્પેકટર તરીકે નિમાયા અંગેના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલા જાહેરનામાની નલક આંક–૫.

૪...નમુનો લેતાં સમયે ફોર્મ નં.૬ માં આપેલ લેખિત ઈન્ટીમેશન આંક–૬.

૫...આરોપીને નાણાં મળ્યા બદલની પહોંચ આંક–૭.

૬...નમુનાના બે ભાગ એલ.એચ.એ.ને મોકલ્યાનો પત્ર આંક–૮.

૭...આરોપીને કલમ–૧૩(૨) મુજબ પી.એ.નો રીપોર્ટ તથા એલ.એચ.એ. નો પત્ર મોકલાવેલ તેના પૈસા ભર્યાની પાવતી આંક–૯.

૯...આરોપીને મોકલાવેલ રજી.એ.ડી. વગર બજે પરત આવેલ તે એકનોલેજમેન્ટર શીદ તથા કવર , આંક–૧૦ અને ૧૧.

૧૦..આરોપીને મોકલાવેલ એલ.એચ.એ.પત્રની નકલ, આંક–૧૨.

૫) આ કેસ ફુડ એડલ્ટ્રેશન એકટ હેઠળનો કેસ છે અને તેને સમરી ટ્રાયલની રીતે ચલાવવાની જોગવાઈ છે જયારે ફરીયાદપક્ષનો પુરાવો લીધા પછી આરોપીને સમરી ટ્રાયલમાં કરી શકાય તેના કરતા વધુ સજા થઈ શકે તેમ છે તેવું અદાલતને જણાય ત્યારે અદાલત આરોપી સામે તહોમતનામું ફરમાવવાનો અને આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી સમરી ટ્રાયલની રીતે ચલાવવાનો હુકમ કરી શકે તેવી જોગવાઈ છે તે જોતાં આ કેસની શરુઆતની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયલની રીતે કરવાની રહે છે અને તે કેસોમાં સી.આર.પી.સી. કલમ–૨૯૯ હેઠળ પુરાવો લીધેલ હોઈ અને તે પુરાવો લીધા પછી આરોપી સામે કોઈ ગુનો બનતો ન હોવાનું જણાતું હોય ત્યારે સી.આર.પી.સી. કલમ–૩૫૩(૬) મુજબ આરોપીને નિર્દોષ ઠરાવવાનો હુકમ થઈ શકે.

૬) આ કામે ફરીયાદપક્ષે પડેલ પુરાવો ધ્યાને લઈ અદાલતને યોગ્ય લાગે તે નિર્ણય કરવા ફરીયાદીના વિ.વ.કુ.એન.વી.કપાસીએ રજુઆત કરેલ છે.

૭) ફરીયાદ તથા ફરીયાદપક્ષના પડેલ પુરાવાઓ ધ્યાને લેતા આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :–

૧......શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી ગાયનું દુધ વેચવાનો ધંધો કરે છે અને ફરીયાદી કે જેઓ ફુડ ઈન્પેકટર છે તેઓએ આરોપી પાસેથી પૃથ્થકરણના હેતુ માટે ગાયનું દુધ ખરીદેલ

અને તે દુધનું પબ્લિક એનાલીસ્ટ મારફતે પૃથ્થકરણ કરાવતા ગાયના દુધમાં પી.એફ.એ. એકટ હેઠળ જેટલા પ્રમાણમાં મીલ્ક ફેટ હોવા જોઈએ તેના કરતા ઓછા પ્રમાણમાં મિલ્ક ફેટ જણાઈ આવેલ અને તે રીતે આરોપીએ ભેળસેળવાળું ગાયનું દુધ ફરીયાદીને વેચાણ કરી ધી પી.એફ.એ. એકટની કલમ–૭(i) સાથે કલમ–૧૬(૧)(એ)(i) મુજબનો ગુનો આચરેલ છે ?

૨... આખરી શું હુકમ ?

૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧...નકારમાં.

૨... આખરી હુકમ મુજબ.

<u>નિર્ણયો અંગેના કારણો</u> :–

૯) સૌપ્રથમ એ હકીકતની ચર્ચા કરવી જરુરી જણાય છે કે, ક્રિમીનલ જયુરીશ–પ્રુડન્શના સિધ્ધાંત મુજબ આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી ફરીયાદપક્ષની છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ એવી રીતે પુરવાર કરવો જોઈએ કે, અદાલત એવું માનવા પ્રેરાય કે બીજા કોઈ નહી પરંતુ માત્ર અને માત્ર આરોપીએ જ ગુનો આચરેલ છે અને જો ફરીયાદપક્ષના પુરાવાઓમાં કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તો તે શંકાનો લાભ હંમેશા આરોપીને આપવાનો રહે છે. તે જ રીતે જયારે બે પ્રકારના અનુમાન થઈ શકતા હોય કે જેમાંથી એક અનુમાન આરોપીએ ગુનો કરેલ છે તેવું માનવા માટે પ્રેરતું હોય અને બીજું અનુમાન આરોપીની નિર્દોષતા તરફ પ્રેરતું હોય તો જે અનુમાન આરોપીની નિર્દોષતા તરફ પ્રેરતું હોય તેવું અનુમાન અદાલતે કરવું જોઈએ.

**૧૦) આ કામે ફરીયાદી ફુડ ઈન્સ્પેટર છે તે હકીકત સામે કોઈ તકરાર આરોપીએ હાજર રહી ઉઠાવેલ નથી તેથી ફરીયાદી ફુડ ઈન્સ્પેકટર છે તથા આરોપી પાસેથી ગાયના દુધનો નમુનો ખરીદેલ તથા તે ગાયના દુધમાં ઓછા પ્રમાણમાં મિલ્ક ફેટની હાજરી મળી આવેલી તે તમામ બાબતોને આરોપીએ હાજર રહી પડકારેલ નથી જેથી તે તમામ હકીકતોને જે રીતે છે તેજ રીતે હાલના તબકકે માની લેવામાં આવેલ છે.**

**૧૧) આ કામે ફરીયાદીએ આંક–૪ થી સોગંદ ઉપર જુબાની આપેલી છે જેમાં ફરીયાદીએ એવી હકીકત જણાવેલી છે કે, ''હુ અ.મ્યુ.કો.ના હેલ્થ વિભાગમાં** હેલ્થ ફલાઈંગ સ્કોડમાં ફુડ ઈન્સ્પેકટર તરીકે મારી ફરજ બજાવું છું. રાજય સરકારશ્રીના તા.૧૮–૯–૧૯૯૭ ના રોજના ગેઝેટમાં અનુક્રમ નં.૧૪ થી દર્શાવીને પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે રાજય સરકારશ્રીના ગેઝેટની ઝેરોક્ષ નકલ આ સાથે રજુ કરું છું. સદર ગેઝેટની નકલ રજુ થતી હોઈ તેને દાખલ આંક–પ આપવામાં આવે છે.

હું તા.૨૨–૭–૨૦૦૫ ના રોજ સવારના ૭–૦૦ કલાકે મારા પટાવાળા માવજીભાઈ એમ. મીયાત્રા સાથે, પીપીસી.સી. ગ્રાઉન્ડ પાસે, નારાયણનગર રોડ, શાંતીવન, પાલડી, અમદાવાદ વાળી જગ્યાએ ગયેલ ત્યાં પ્રદીપકુમાર રામભવન માલી સાયકલ ઉપર દુધના કેન લટકાવી દુધની ફેરી કરતા હતા, ત્યાંથી પસાર થતાં ઓમપ્રકાશ અમરતભાઈ કલાલને પંચ તરીકે રૂબરૂ બોલાવતા આ ધંધાવાળી જગ્યાએ સ્વેચ્છાએ પંચ તરીકે હાજર થયેલ. ત્યારબાદ પંચની હાજરીમાં મેં આરોપીને મારી ફુડ ઈન્સ્પેકટર તરીકેની ઓળખાણ આપેલી. આરોપીને આ ધંધાની માલીકી અંગે પુછતાં આરોપીએ જણાવેલ કે, હું આ ધંધાનો સ્વતંત્ર માલીક છું. ત્યારબાદ આરોપીની સાયકલ ઉપર રહેલ કેનમાં રહેલા દુધના ભાવ અને જાત પુછતા આરોપીએ પંચની હાજરીમાં જણાવેલ કે આ કેનમાં ગાયનું દુધ છે અને તેનો એક લીટરનો ભાવ રૂા.૧૬/– છે. તે ઉપરથી મેં આરોપીને રોકડા રૂા.૨૪.૦૦ પૈસા ચુકવી ૧૫૦૦ એમ.એલ.દુધ ખરીદ કરેલ જે આરોપીએ કેનમાં રહેલા માપીયા વડે બરાબર હલાવી એક

રસ કરી માપીયા વડે માપી ૧૫૦૦ એમ.એલ. દુધ મારી પાસેના ખાલી કોરા સાફ ચોખ્ખા એલ્યુમીનીયમના ટમલરમાં આપેલ.

ત્યારબાદ મેં લેખિતમાં ઈન્ટીમેશન બનાવી તેની ડુપ્લીકેટ આરોપીને આપેલ અને અસલ ઈન્ટીમેશનની પાછળના ભાગે આરોપી તથા હાજર પંચની સહીઓ લીધેલ. ત્યારબાદ આરોપીને પંચની હાજરીમાં જણાવેલ કે આ દુધનો નમુનો પી.એ.ટુ પી.એચ.એલ., અ.મ્યુ.કો.ને મોકલવાનો છે તેવી મૌખિક જાણ કરી ઈન્ટીનેશનની કોપી આરોપીને આપેલ અને અસલ કોપીની પાછળના ભાગે આરોપી તથા હાજર પંચની સહીઓ લીધેલી અને રૂબરૂપણામાં મેં સહી કરેલ જે અસલ ઈન્ટીમેશન આ સાથે રજુ કરું છું. જેને દાખલ આંક–૬ આપવામાં આવે છે.

મેં આરોપીને જે કીંમત રોકડમાં ચુકવેલ તે અંગે અ.મ્યુ.કો.ની પહોંચ બનાવી તેની નીચેના ભાગે આરોપી તથા હાજર પંચની સહીઓ લીધેલ અને રૂબરૂપણામાં મેં સહી કરેલ જે અસલ પહોંચ આ સાથે રજુ કરું છું. જેને દાખલ આંક–૭ આપવામાં આવે છે.

મેં આરોપી પાસેથી પંચની હાજરીમાં દુધની કિંમત ચુકવી દુધ ખરીદ કરેલ જે આરોપીએ મને કેનમાં રહેલ માપીયા વડે માપી હલાવી, એકરસ કરી મારી પાસેના ખાલી, કોરા, સાફ, ચોખ્ખા, સ્ટીલના ટમલરમાં આપેલ જેને મારી પાસે રહેલ લેબલવાળી ખાલી, કોરી, સાફ, ચોખ્ખી, ગંધ તેમજ ભેજરહીત સ્વચ્છ કાચની બોટલોમાં સરખે ભાગે ભરી દરેક બોટલમાં ૪૦–૪૦ ટીપા ફોરમેલીન નાખેલ અને તેની ઉપર એરટાઈટ બુચ લગાવી, મારી પાસે રહેલ પટાવાળાને સીલીંગ પેકીંગ કરવા માટે મેં આપેલ. મારા પટાવાળાએ મારી તથા આરોપીની હાજરીમાં મારી સુચના મુજબ ત્રણે બોટલના બુચ ઉપર એક–એક સીલ લગાવી ઉપરથી નીચે ગોળ ફરતે આવે તે રીતે સાદી ગુંદરપટ્ટી ચોંટાડી માથાના ભાગે ગોળ ફરતે આવે તે રીતે દોરી વીંટાળી, દોરીની ગાંઠ મારી, ગાંઠ ઉપર એક સીલ તથા તેની સામેની બાજુએ બીજું એક સીલ એમ દરેક બોટલને ૨–૨ સીલ મારી આ સેમ્પલ બોટલ મારા પટાવાળાએ મને પરત આપેલ. આ સેમ્પલ બોટલના લગાવેલ લેબલ ઉપર જરુરી વિગતો ભરી નીચે મેં મારી ફુડ ઈન્સ્પેકટર તરીકેની સહીઓ કરેલ. લેબલની એકબાજું તથા સાદી ગુંદરપટ્ટી ઉપર આરોપીના

ડાબા હાથના અંગુંઠાનું નિશાન અને લેબલની બીજીબાજું તથા સાદી ગુંદરપટ્ટી ઉપર હાજર પંચની સહીઓ લીધેલ. ત્યારબાદ આ ત્રણેય સેમ્પલ બોટલો મેં મારા પટાવાળાને ફરિથી સીલીંગ પેકીંગ કરવા માટે આપેલ. મારા પટાવાળાએ મારી સુચના મુજબ આરોપી તથા પંચની હાજરીમાં અલગ અલગ ખાલી, કોરા, સાફ, જાડા બ્રાઉન પેપરમાં અલગ અલગ બોટલ મુકી તેના છેડા સફાઈપુર્વક વાળી ગુંદરથી ચોંટાડી ઉપરથી નીચે ગોળ ફરતે આવે તે રીતે એલ.એચ.એ. સાહેબની સહી, સીરીયલ નંબર કોડવાળી પટ્ટી, ગુંદરથી ચોંટાડી આડી, ઉભી ગોળ, ફરતે આવે તે રીતે દોરી વીંટાળી દોરીની ગાંઠ ઉપર મોઢાના ભાગે આવે તે રીતે મારી દોરીની ગાંઠ ઉપર એક સીલ, નીચે તળીયે મધ્યમાં બીજું એક સીલ તથા મધ્યમાં દોરી ક્રોસ થાય તે રીતે આમને સામને આવે તે રીતે બીજા ૨–૨ એમ કુલ ૪–૪ સીલ લગાવી ત્રણેય સેમ્પલ બોટલ મારા પટાવાળાએ મને પરત આપેલ. દરેક સેમ્પલ બોટલના રેપર ઉપર લેબલ મુજબની જરુરી વિગતો ભરી નીચે મેં મારી ફુડ ઈન્સ્પેકટર તરીકેની સહીઓ કરેલ. એલ.એચ.એ.પટ્ટી અને રેપરને ક્રોસ થાય તે રીતે આરોપીના ડાબા હાથના અંગુઠાનું નિશાન તથા હાજર પંચની સહીઓ લીધેલ. આ ત્રણેય સેમ્પલ બોટલો લઈ અમે ઓફીસ પરત આવેલા.

આ કામમાં વાપરવામાં આવેલ કાચની બોટલ, સ્ટીલનું ટમલર, સ્ટીલની ચમચી વિગેરે સાધનો મેં મારા પટાવાળા પાસે ચાલુ કામકાજના આગળના દિવસે સાબુ, સોડા, બ્રશ વડે ધોવડાવી સાફ કરાવી, લાકડાના ઘોડામાં સુકવવા માટે ઉધા મુકેલા.

ઓફીસ આવી મેમોરેન્ડમની મેં ચાર નકલ તૈયાર કરેલ. એકસાદી ખાલી, કાગળની થેલીમાં મેમોરેન્ડમની એક પ્રત તથા મારી સીલની છાપ અને સહીના નમુનાવાળી પ્રત મુકી તેના છેડાવાળી ગુંદરથી ચોંટાડી, આડી ઉભી ગોળ ફરતે દોરી વીંટાળી દોરીની ગાંઠ મારી ગાંઠ ઉપર એક સીલ લગાવી સીલબંધ પેક પેકેટ તૈયાર કરેલ. બીજી ખાલી, કાગળની થેલીમાં એક સેમ્પલ બોટલ તથા મેમોરેન્ડમની એક પ્રત મુકી તેના છેડાઓ સફાઈ પુવ ક વાળી ગુંદરથી ચોંટાડી, આડી, ઉભી, ગોળ, ફરતે દોરી વીંટાળી, દોરીની ગાંઠ મારી ગાંઠ ઉપર એક સીલ લગાવી, બીજું એક સીલબંધ પેક પેકેટ તૈયાર કરેલ આ બંને સીલબંધ પેક પેકેટ તે જ દિવસે મારા પટાવાળા પી.બી.મેવાડા સાથે પી.એ.ટુ. પી.એચ.એલ. અ.મ્યુ. કો.ને તપાસ અથે

મોકલી આપેલ. બીજી એક ખાલી, કાગળની થેલીમાં બીજા બે સેમ્પલ બોટલ મુકી મેમોરેન્ડમની બે પ્રત મુકી તેના છેડાવાળી ગુંદરથી ચોંટાડી આડી, ઉભી ગોળ ફરતે દોરી વીંટાળી દોરીની ગાંઠ મારી, દોરીની ગાંઠ ઉપર એક સીલ તથા બાજુમાં બીજું એક સીલ લગાવી, આ પેક પેકેટ તેજ દિવસે મારા ફરોવર્ડીગ પત્ર સાથે એમ.ઓ.એચ. એન્ડ એલ.એચ.એ. ડો.પી.કે.મકવાણા સાહેબને આપવા માટે રૂબરૂ ગયેલ. જેઓએ સીલબંધ સેમ્પલ પેકેટ સ્વીકારવા બદલ રીસીવ્ડનો સીકકો લગાવી સહી કરી આપેલ જે સહી મારી રૂબરૂમાં થયેલ હોવાથી હું ઓળખી બતાવું છું જે આ સાથે રજું કરું છું. સદર ફોરવર્ડીગ પત્ર રજુ થતાં તેને પાકો દાખલ આંક–૮ આપવામાં આવે છે.

**મેં લીધેલ દુધનો નમુનો બોટલમાં ભર્યા બાદ દરેક બોટલમાં ૪૦–૪૦ ટીપાં ફોરમેલીન નાખેલ હતું.**

**મેં લીધેલ નમુનો પી.એ., ટુ. પી.એચ.એલ., અ.મ્યુ.કો.ને તપાસ અર્થે મોકલી આપેલ અને તેમાં તપાસમાં આ દુધભેળસેળવાળુ માલુમ પડેલ અને તેથી પી.એ.એ આ નમુનો ભેળસેળવાળો હોવાનું ઠરાવેલ હતું.આ પી.એ.નો રીપોર્ટ મળેલ ત્યારબાદ મેં મારી ફરીયાદ તૈયાર કરેલી, ફરીયાદની સાથે ઈન્ટીમેશન, પી.એ.નો રીપોર્ટ, પહોંચ, ફોરવર્ડીગ પત્ર વિગેરે લાગતાવળગતા દસ્તાવેજો સાથે હું મંજુરી મેળવવા ડી.વાય.એમ.સી.શ્રી કે.એસ.રંધાવા સાહેબ પાસે રૂબરૂ ગયેલ, જેઓએ મારી ફરીયાદ સાથેના તમામ દસ્તાવેજો જોઈ, વાંચી, તપાસી ફરીયાદ કરવાની મંજુરી આપતો શેરો કરી સહી કરી આપેલ, જે સહી મારી રુબરુમાં થયેલ હોવાથી ઓળખી બતાવું છું. ફરીયાદમાં લખેલ તમામ હકીકત સાચી છે.ફરીયાદની નીચે મેં મારી ફુડ ઈન્સ્પેકટર તરીકેની સહી કરેલ છે. ફરીયાદ દાખલ કરવાની મંજુરી મળ્યા બાદ મેં ના.કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલી. ફરીયાદની સાથે પી.એ.નો રીપોર્ટ અને જામીનખત રજુ કરેલ.સદર પી.એ.નો રીપોર્ટ આ કામે આંક–૨ થી રજુ કરેલો છે.**

મેં ફરીયાદ દાખલ કર્યા બાદ એમ.ઓ.એચ. એન્ડ એલ.એચ.એ. મારફતે કલમ–૧૩(૨) ની નોટીસ અને પી.એ.નો રીપોર્ટ રજી.એ.ડી. પોષ્ટથી આરોપીને મોકલી આપેલ જે આર.પી.એ.ડી.ની પૈસા ભર્યાની પહોંચ આ સાથે રજુ કરું છું.સદર પહોંચને પાકો દાખલ આંક–૯ આપવામાં આવે છે.

આરોપીને મોકલેલ કલમ–૧૩(૨) મુજબની નોટીસ તથા પી.એ.ના રીપોર્ટ વાળું કવર મોકલાવેલ જે વગર બજે પરત આવેલ જે કવર ના.કોર્ટમાં રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવેલ છે. આરોપીને મોકલી આપેલ નોટીસ વગર બજે પરત આવેલ તે અંગેની એકનોલેજમેન્ટ રશીદ આ સાથે રજુ કરું કરું છું. સદર એકનોલજમેન્ટ રશીદને દાખલ આંક–૧૧ આપવામાં આવે છે.

આરોપીને એલ.એચ.એ.પત્રની નકલ મોકલાવેલ જે રજુ થતાં તેને પાકો દાખલ આંક–૧૨ આપવામાં આવે છે."

૧૨) ફરીયાદપક્ષે આ સિવાય બીજા કોઈ સાહેદોને તપાસેલા નથી.

૧૩) ફરીયાદપક્ષે પડેલ પુરાવાનું સમગ્ર રીતે મુલ્યાંકન કરીએ તો ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં કોઈપણ જગ્યાએ આરોપી પાસેથી ખરીદેલ દુધમાં મિલ્ક ફેટ કેટલા હતા તે બાબતે કોઈ જ હકીકતો જણાવેલી નથી જયારે ફરીયાદી પોતે સોગંદ ઉપર જુબાની આપી હોય ત્યારે આરોપીએ જે દુધ વેચેલ છે તેમાં કેટલા મિલ્ક ફેટ હતા અને તેના કારણે આ દુધ ભેળસેળવાળું હતું તે જણાવવું ફરીયાદીની ફરજ ગણાય પરંતુ ફરીયાદીએ ઉપર ચર્ચા કરી તેમ સમગ્ર જુબાની દરમ્યાન આરોપી પાસેથી ખરીદેલ દુધમાં કેટલા મિલ્ક ફેટ હતા તે બાબતે કોઈ જ હકીકત જણાવેલી નથી જેથી આ સૌથી મહત્વની બાબત આરોપીએ માની લીધેલ હોય તેવું જણાય છે.

૧૪) વધુમાં આ કામે જે દુધનો નમુનો લેવામાં આવેલ છે તે દુધ છે અને તેમાં ફોરમેલીન ઉમેરવામાં આવેલ છે ત્યારે ધી પી.એફ.એ. એકટના નિયમ–૨૧ ની જોગવાઈ જોતાં જયારે ફોરમેલીન ઉમેરવામાં આવેલ હોય ત્યારે ઉમેરવામાં આવેલ ફોરમેલીન એટલે કે પ્રીઝરવેટીવનો પ્રકાર અને જથ્થો કન્ટેનર(પાત્ર) પર ચોડવામાં આવેલ લેબલમાં સ્પષ્ટ રીતે ઉમેરેલું હોવું જોઈએ તેવી જોગવાઈ છે તે જોતાં કયા પ્ર કારનું ફોરમેલીન, કેટલા પ્રમાણમાં ઉમેરવામાં આવેલ હતું તે જણાવેલ હોવું જોઈએ આ કામે ફરીયાદીની જુબાની જોતાં આરોપી પાસેથી ખરીદેલ દુધમાં કયા પ્રકારનું ફોરમેલીન ઉમેરવામાં આવેલ હતું તે બાબતે કોઈ જ હકીકત જણાવેલી નથી કે લેબલમાં આવી કોઈ વિગતો દર્શાવી હોય તેવું બતાવતું લેબલ આ કામે રજુ કરેલ નથી તે જોતાં ફરજીયાત પાલન કરવાની જોગવાઈનો ભંગ થયેલ હોય તેવું જણાય છે અને જયારે ફરજીયાત પાલન કરવાની જોગવાઈનો ભંગ થયેલ હોય ત્યારે તેનો લાભ આરોપીને જ આપવો પડે.

૧૫) આ ઉપરાંત જોઈએ તો ધી પી.એફ.એ. એકટની કલમ–૧૦ ની પેટા કલમ–૭ મુજબ નમુનો લેવાની કામગીરી સ્વતંત્ર સાહેદની હાજરીમાં કરવી જોઈએ. આ કામે નમુનો લેવાની કામગીરી સ્વતંત્ર સાહેદની હાજરીમાં કરવામાં આવેલ છે તે બતાવવા પંચને ફરીયાદપક્ષે તપાસેલ નથી. શા માટે પંચને તપાસેલ નથી તે બાબતે કોઈ ખુલાસો પણ ફરીયાદપક્ષે કરેલ નથી. સ્વતંત્ર સાહેદની હાજરીમાં આ નમુનો લેવામાં આવેલ છે તેવું બતાવવા કોઈ પંચનામું કરવામાં આવેલ નથી, તે જોતાં કલમ–૧૦ ની પેટા કલમ–૭ ની જે ફરજીયાત પાલન કરવાની જોગવાઈ છે તે જોગવાઈનો પણ ભંગ કરવામાં આવેલ હોય તેવું જણાય છે.

૧૬) આ કામે ફરીયાદપક્ષે નમુનો લેતી વખતે જે પટાવાળા હતા તે પટાવાળાને પણ પોતાના સાહેદ તરીકે તપાસેલ નથી કે નમુનો લેવાના સાધનો

જે પટાવાળા પાસે ધોવડાવેલા હોય તે પટાવાળાને પણ ફરીયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલ નથી તે જોતાં જે પટાવાળા કે જેઓ નજરે જોનાર સાહેદ ગણાય તેવા ફરીયાદીના પોતાના પટાવાળાને પણ ફરીયાદપક્ષે આ કામે સાક્ષી તરીકે તપાસેલ નથી જે બાબત પણ ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત કરે છે અને તે તમામ બાબતે ધ્યાને લેતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જે રીતે રજુ થયેલ છે તેજ રીતે માની લઈએ તો પણ આરોપીને સજા કરી શકાય તે નથી. કારણ કે ફરીયાદપક્ષે ફરજીયાત પાલન કરવાની જોગવાઈનું પાલન કરેલ નથી અને મહત્વના સાક્ષીઓને તપાસેલા નથી, તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી અને તે સંજોગોમાં આરોપીએ કોઈ ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તેવા તારણપર હું આવું છું તેથી મુદ્દા નં.૧ નો જવાબ હું નકારમાં આપું છું અને સી.આર.પી.સી.કલમ–૩૫૩(૬) ની જોગવાઈઓ ધ્યાને લઈ મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>હુ ક મ</u>**

આ કામના આરોપીને ક્રિ.કેસ નં.૬૦૦૦૪૩/૨૦૦૫ ના કામે તેઓ વિરુધ્ધના ધી પ્રીવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન એકટની કલમ–૭(I) સાથે કલમ–૧૬(૧)(એ)(I) મુજબના આક્ષેપમાંથી સી.આર.પી.સી.કલમ–૩૫૩(૬) સાથે સી.આર.પી.સી.કલમ–૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

હુકમ આજ તા.૨૩–૧–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩–૧–૨૦૧૮. (અરફાત એ.વાયડા)

અમદાવાદ. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

**કોર્ટ નં.૬, અમદાવાદ.**

**કોડ નં. જીજે ૦૦૯૮૬**